# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ધોળાવીરામાં બીએસએફ રન-રોડ ટુ હેવન

**BSFની સ્થાપનાના 60 વર્ષ પૂર્ણ થવાના અવસરે કચ્છના ધોળાવીરા ખાતે 'BSF રન-રોડ ટુ હેવન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ફિટનેસ, શિસ્ત અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ ફેલાવવાના હેતુથી યોજાયેલી આ દોડમાં દેશભરના દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.**

**આ સ્પર્ધામાં 60 કિમી અલ્ટ્રા, 30 કિમી અને 10 કિમીની કેટેગરીમાં કુલ 460 સ્પર્ધકો જોડાયા હતા, જેમાં 379 પુરુષો અને 81 મહિલાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બીએસએફના 207 જવાનો પણ દોડમાં સામેલ થયા હતા.**

**------------------------------------------------------------------------------------------------**

## ભારત રણ ભુમિ કાર રેલી

**ભારતીય આર્મી, એરફોર્સ, નેવી અને બીએસએફના સંયુક્ત ઉપક્રમે આયોજિત ‘ભારત રણ ભૂમિ કાર રેલી-2026’ આગામી 4 ફેબ્રુઆરીના રોજ ભુજ ખાતે આવી પહોંચશે. 16થી વધુ કાર સાથેની આ રેલી 3 ફેબ્રુઆરીએ દ્વારકાથી પ્રસ્થાન કરી જામનગર અને ધ્રાંગધ્રા થઈને કચ્છમાં પ્રવેશશે. ભુજ ખાતે આ રેલીના સ્વાગત માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સાંજે 5:00 કલાકે માધાપર મેમોરિયલ પ્રવેશદ્વાર પાસે રેલીના સભ્યો માધાપરની વીરાંગનાઓ સાથે મુલાકાત કરી જૂથ તસ્વીર લેશે. ત્યારબાદ સાંજે સાડા પાંચ કલાકે સ્મૃતિવન મેમોરિયલ ખાતે રેલીનું ફ્લેગ-ઈન કરવામાં આવશે અને ઓડિટોરિયમમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.**

**------------------------------------------------------------------------------------------------**

## મચ્છોયા આહિર સમાજ સમૂહલગ્ન

કચ્છમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મચછોયા આહિર સમાજ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યૂં છે. આ વર્ષે સમાજની પાંચ વઇમાં કુલ મળીને **500**થી વધુ લગ્નો લેવામા આવશે. આગામી **8** ફેબ્રુઆરીના રોજ યોજાનારા લગ્ન સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડશે. મચ્છોયા આહિર સમાજ દ્વારા દર વર્ષે મહા વદ સાતમના દિવસે સમૂહલગ્ન યોજવામાં આવે છે જેના અનુસંધાને આ વર્ષે પણ લગ્નને લઇને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં સ્વચ્છતા અભિયાન

ભુજમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન `હોમ્સ ઈન ધ સિટી' દ્વારા ભુજ બ્લોગર્સ, અનોખો યુવામંચ, કચ્છ યુવાનિર્માણ સમાજના સહયોગથી તેમજ ભુજ નગરપાલિકાના સમર્થન સાથે યોજાયું હતું. સફાઈ અભિયાન અંતર્ગત શહેરના વીવિધ સ્થળોએ સફાઇ કામગીરી હાથ ધરાઇ હતી . આ અભિયાન દરમિયાન અંદાજે **2000** કિલો ઘન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. સફાઈ કામગીરીમાં ભુજ નગરપાલિકાની ટીમે **JCB** મશીનો, ટ્રેક્ટરો અને મજૂરોની મદદથી મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણામાં કેશ ક્રેડિટ કેમ્પ

નખત્રાણા તાલુકા પંચાયત કચેરી ખાતે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને દીનદયાળ અંત્યોદય યોજના અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન હેઠળ સ્વસહાય જૂથોના બેન્ક લિંકેજ અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં સખીમંડળની બહેનોને

સરકાર દ્વારા મળવાપાત્ર વિવિધ સહાય વિશે જાણકારી આપી યોજનાનો બહોળી સંખ્યામાં બહેનોને લાભ લેવા ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ દ્વારા બહેનોને યોજનાની સાથે-સાથે સ્વાસ્થ્ય સંબંધિત પ્રવૃત્તિઓ તથા આત્મનિર્ભર બનવા માટે માર્ગદર્શન અપાયું હતું.. નખત્રાણા તાલુકાના જુદાજુદા ગામોના 35 સખી મંડળોને રૂ.1.5 કરોડનું ધિરાણ મંજુર કરવામાં આવ્યું તેમજ રૂ. 5 લાખનું સેંકશન પણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે ચેક અને મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

--------------------------------------------------------------------------------------

## નાગલપર ગામે પંચાયતન ભવનનું નિર્માણ

અંજાર તાલુકાના મોટી નાગલપર ગામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. સરપંચ જયસુખભાઈ જેઠવાની આગેવાનીમાં યોજાયેલા આ પ્રસંગે વિવિધ રાજકીય અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું હતું કે પંચાયતનું મજબૂત ભવન એ ગામના વિકાસનો પાયો છે. આ નવું ભવન ગ્રામજનો માટે વહીવટી પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવશે.

--------------------------------------------------------------------------------------

## હવામાન

લઘુત્તમ તાપમાનમાં વધારો થતા જિલ્લાવાસીઓને ઠંડીમાંથી રાહત મળી છે તેમ છતાં આજે 12.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે અબડાસાનું મુખ્ય મથક નલિયા આજે રાજ્યના ઠંડા મથકોની યાદીમાં મોખરે રહ્યું છે.  જિલ્લાના અન્ય મથકોની વાત કરીએ તો ભુજમાં 15.6 ડિગ્રી અને કંડલામાં 18 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.  હવામાન વિભાગે આજે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. જેમાં વડોદરા, ભરૂચ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસગારમાં વરસાદ પડી શકે છે. છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

# કરૂણા અભિયાન

**રાજ્યમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ 14 હજારથી વધુ પક્ષીઓને ‘કરુણા અભિયાન’ થકી જીવતદાન અપાયું. સત્તાવાર યાદીમાં નિવેદન આપતા વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, આ અભિયાન હેઠળ છેલ્લા 10 વર્ષમાં કુલ એક લાખ 18 હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા છે. કરુણા અભિયાન દરમિયાન અમદાવાદમાંથી સૌથી વધુ 6 હજાર 532 પક્ષીઓને બચાવી લેવાયા.**

**રાજ્યમાં અંદાજે 450 જેટલા કલેક્શન સેન્ટર, 60 થી વધુ કંટ્રોલરૂમ તથા 480થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓની સારવાર માટે શરૂ કરાયા હતા**

----------------------------------------------------------------------------------------